Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. કાર્તિક. અંક ૪ થો.

## વિક્રમ નવીન વર્ષના માંગલ્ય વચનો.

### શાર્દૂલ વિક્રીડિત.

[૧]આરાધ્યા અતિ દીપ ઉત્સવ કરી જે ભારતે[૨] ભાવથી,
પૂજ્યા પ્રેમ ધરી પ્રભાવ ધરતા જે લક્ષ્મીના [૩]લ્હાવથી;
તે શ્રી મંગળરૂપ વીર જનને દીપોત્સવી પર્વમાં,
આપો મંગળ આ નવીન વરષે ભક્તિ વધો હર્ષમાં. ૧

આત્માનંદ[૪] અપાર આપ ધરવા આનંદથી આવતા,
આત્માનંદ તણો પ્રકાશ કરવા જે ભાવના ભાવતા;
આત્માનંદ[૫] સુપત્ર માસિકતણા તે ગ્રાહકો સૌ સદા;
રહેજો પૂર્ણ સુખી નવીન વર્ષે ઉત્કર્ષથી સર્વદા. ૨

૧ તેમની આરાધના કરી. ૨ ભરતખંડમાં. ૩ દીવાળીમાં. ૪ આત્માનો અપાર આનંદને ધારણ કરતા. ૫ આત્માનંદ પ્રકાશ માસિકપત્રના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત.

# શ્રી મહાવીર જિન સ્તોત્ર.

( લેખક મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

( વ્યાખ્યા સહિત )

ગતાંક પૃષ્ઠ ૭૨ થી શરૂ.

हितोपदेशात्सकलज्ञ क्लृप्तेर्मुमुक्षु सत्साधु परिग्रहाच्च ।
पूर्वापरार्थेऽप्यविरोध सिद्धेस्त्वदागमा एव सतां प्रमाणम् ॥ ११ ॥

હિતોપદેશ દેવાથી, સર્વજ્ઞ કથિત હોવાથી પૂર્વાપર વિરોધ રહિત હોવાથી અને મુમુક્ષુ એવા સુસાધુ જનોએ અંગીકાર કરવાથી આપના કથેલા આગમોજ પ્રમાણ ભૂત છે. ૧૧

क्षिप्येत वान्यैः सदृशीक्रियेत वा तवाङ्घ्रि पीठे लुठनं सुरेशितुः।
इदं यथावस्थितवस्तुदेशनं परैः कथंकारमपाकरिष्यते ॥ १२ ॥

હે સ્વામિન્ ! સુરેન્દ્ર આપના ચરણ કમળમાં આવી લુઠન કરે છે તે વાતને અન્યમતાંતરીયો માન્ય કરો અથવા ન કરો, પરંતુ આપ જે યથાસ્થિત વસ્તુનું નિરૂપણ કરો છો તે તો કોઈ રીતે ઇનકાર કરી શકાય એમ નથી. ૧૨

तदुःखमाकालखलायितं वा पचेलिमं कर्म तवानुकूलम् ।
उपेक्षते यत्तव शासनार्थं मयं जनो विप्रतिपद्यते वा ॥ १३ ॥

હે વિશ્વનાયક ! આ લોકો જે આપના એકાંત હિતકારી શાસનની ઉપેક્ષા અથવા અશ્રદ્ધા કરે છે તે, યાતો દુઃખમાં કાલનું કર્તવ્ય છે અથવા તો જીવોના કર્મની બહુલતાનું કારણ છે. તેમાં શાસનનો દોષ તો બિલકુલ નથીજ. ૧૩

परैः सहस्राः शरदस्तपांसि युगान्तरं योगमुपासतां वा ।
तथापि ते मार्गमनापतन्तो न मोक्ष्यमाणा अपि यान्ति मोक्षम्॥१४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પ્રભો ! આપના પવિત્ર શાસનને નહિં પ્રાપ્ત થયેલા લોકો ચ્હાય તો સેંકડો વર્ષ પર્યંત તપ કરો ! યા તો જુગાંતર સુધી જોગની ઉપાસના કરો ! તોપણ મોક્ષને પ્રાપ્ત થઇ શકવાના નહિં. ચ્હાય તો તે પોતાને મુકત થતા માનો તો પણ વસ્તુતઃ સર્વજ્ઞ શાસન વિના મુકત થઇ શકવાના નહિં. ૧૪

अनाप्तजाड्यादिविनिर्मितित्वसंजातनासंज्ञविविप्रलम्भाः ।
परोपदेशाः परमाप्तक्लृप्तपथोपदेशे किमु संरजन्ते ॥ १५ ॥

અપ્રમાણિક જનોની જડબુદ્ધિથી રચાયેલ હોવાથી વિપ્રતારણ ( વંચન ક્રિયા ) યુકત જે પરમતના ઉપદેશ છે તે સર્વજ્ઞ ભાષિત સદુપદેશ ઉપર શી રીતે ફાવી શકે ? જૈન મત ઉપર કરેલા અન્ય-મતોના સર્વ આક્ષેપો બિલકુલ પાયા વિનાના હોવાથી કેવળ નિષ્ફળ છે. ૧૫

यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभूदहो अधृष्या तव शासनश्री ॥१६॥

અન્યમતોના આદિકર્તાઓએ જે ભોળે ભાવે અયુકત ઓચર્યું તે તેમના અનુયાયી શિષ્યોએ બહુધા ફેરવી નાંખ્યું. આવો અર્થ વિપ્લવ તારા શાસનમાં થવા પામ્યો નથી. તેથી આપના શાસનની શોભા જેવીને તેવી ટકી રહી છે, એજ એક અપૂર્વ હર્ષની વાત છે.૧૬

देहाद्ययोगेन सदाशिवत्वं शरीरयोगादुपदेशकर्म ।
परस्परस्पर्धि कथं घटेत परोपक्लृप्तेष्वधिदैवतेषु ॥ १७ ॥

દેહ આદિક ઉપાધિ સંબંધના અભાવથીજ સદા શિવપણું અને શરીરના યોગથીજ ઉપદેશ ક્રિયા સંભવે છે. છતાં અન્યમતનાં અભિમત દેવોમાં એ પરસ્પર વિરોધી વાત શી રીતે ઘટી શકે ? અર્થાત્ રાગદ્વેષાદિક સંબંધથી સદા શિવપણું ઘટે નહિં, અને દેહના સંબંધ વિના ઉપદેશ ક્રિયા કરવી ઘટે નહિ. જૈન શાસન મુજબ તો ઉભય ઘટે છે. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रागेव देवान्तरसंश्रितानि रागादिरूपाण्यवमान्तराणि ।
न मोहजन्यां करुणामपीश समाधिमास्थाय युगाश्रितोऽसि? ॥१८॥

હે ઇશ ! શુકલ ધ્યાન રૂપ સમાધિને અવલંબી આપ મોહ-જન્ય કરૂણાને કદાચિત્ પણ આદરતા નથી તેથીજ રાગાદિક પ્રબળ દોષોએ પ્રથમથીજ અન્ય દેવોનો આશ્રય કર્યો છે એમ માનું છું. આપની તરફથી આશ્રય મળવાની સર્વથા આશા નહિં હોવાથીજ ઉક્ત દોષોએ અન્ય દેવોનો વિચારીનેજ આશ્રય કર્યો છે એમ હું અનુમાન કરૂં છું. કેમકે આપ જ્યારે ઉક્ત દોષોના ક્ષય કરનાર તરીકે પ્રસિદ્ધ છો, ત્યારે હરિહરબ્રહ્માદિક અન્ય દેવો તેજ દોષોને પ્રગટ-પણે સ્વીકારતા દેખાય છે. એમ સમજીને જ માનું છું કે તેમણે તેમનો આશ્રય લીધો છે. ૧૮

जगन्ति भिंदन्तु सृजन्तु वा पुनर्यथातथा वा पतयः प्रवादिनाम् ।
त्वदेकनिष्ठे भगवान्भवक्षयक्षमोपदेशे तु परं तपस्विनः ॥ १९ ॥

હરિહર બ્રહ્માદિક દેવો સર્વ જગત્‌ને સર્જો અથવા સંહરો ! તથાપિ હે ભગવન્ ! આપમાંજ ઉપલબ્ધ થતા મોક્ષદાયી ઉપદેશ આગળ તો તે બાપડા કંગાળ જેવાજ માલુમ પડે છે. સર્વજ્ઞ ભગ-વાનના ઉપદેશ પાસે તેમનો ઉપદેશ બિલકુલ ફીકકોફક્ક માલમ પડે છે. ૧૯

वपुश्च पर्यङ्कशयं श्लथं च दृशौ च नासानियते स्थिरे च ।
न शिक्षितेयं परतीर्थनाथैर्जिनेन्द्र मुद्रापि तवान्यदास्ताम् ॥२०॥

હે જિનેન્દ્ર ! પર્યંકાસન યુક્ત શિથિલ શરીર અને નાસિકાના અગ્ર ભાગ ઉપર રહેલાં સ્થિર લોચન યુક્ત આપની મુદ્રા પણ અન્ય દેવોએ આદરી નથી તો બીજા ગુણોનું તો કહેવું જ શું ? ૨૦

यदीयसम्यक्त्व बलात्प्रतीमो भवादृशानां परमस्वभावम् ।
कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय ॥२१॥

હે જિનેશ ! આપની જેવા પવિત્ર પુરૂષોના શુદ્ધ સ્વભાવની જેના સમ્યગ્ શ્રદ્ધાનથી અમને પ્રતીત થઇ શકે છે એવા મિથ્યાત્વ નાશક જિનશાસનને અમારો નમસ્કાર થાઓ. ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपक्षपातेन परीक्षमाणा द्वयं द्वयस्याप्रतिमं प्रतीमः।
यथास्थितार्थप्रथनं तवैतदस्थाननिर्बन्धरसं परेषाम् ॥२२॥

પક્ષપાત રહિત પણે પરિક્ષા કરતા અમને બંને પક્ષની બે વાત અપૂર્વ માલમ પડે છે, તે એ છે કે આપનું તો યથાસ્થિત વસ્તુ સ્વરૂપ કથન અને અન્યની અસ્થાન–અયોગ્યસ્થાનનો ઉલ્લેખ કરવા-ઉત્કંઠા આવી વિલક્ષણ વાતથી ચકોર માણસને સત્યાસત્યનો નિર્ણય કરતાં વિશેષ અગવડ પડતી નથી. ૨૨

અપૂર્ણ

# અનિત્ય ભાવના.

( એ વૃત જુગમાં દીવો મેરે પ્યારે. એ રાગ )

અરધા માટે આખુ ખોયે સમજમન, અરધા માટે આખુ ખોયે.
ધન કારણ ધાયે ધસમસતો, કાયરતા નવી હોયે;
પર ઉપગાર સમય હે ! ચેતન, કીમ તું ચીત ન પ્રોયે. સ૦ ૧

આ ભવની આજીવીકામાં, રાત દીવસ રટતોયે;
પરભવ માટે પુન્ય પનોતા, કાંઇ કીધુ કે ન કોયે. સ૦ ૨

રાજ્ય રમણી સુખ વૈભવ ત્યાગી, સંજમ ધર થયા જોયે;
જીન પદ શીવપદ સુખ અનંતુ, લીધુ કેમ સંતોયે. સ૦ ૩

આ સંસાર અસારતા કારણ, જે ઉપદેશ મળોયે;
જીવન ચરિત્ર સુણી મહાન પુરૂષના, દીલમાં રાખવા જોયે. સ૦ ૪

રોગાદીક કારણ ઐાષધ જીમ, માંદાને મન હોયે;
મહાન રોગ મટાડવા કારણ, છીવટ શાને ન જોયે. સ૦ ૫

વીષય સુખ વીષ સરીખુ જાણો, જે કારણ ફરતોયે;
મધુ લિપ્ત ખડગની ધારા, સ્વાદે જીવ જતોયે. સ૦ ૬

આ ભવનું સુખ અરધુ જાણો, જન્મ મરણ જયાં હોયે;
અખંડ સુખ ફરી નહીં અવતરવું, એ માન્યું સંતોયે. સ૦ ૭

For Private And Personal Use Only

વીવાનો મંડાણુ મહોચ્છવ, કીધો બહુ ભભકોયે;
કાચરી માટે છેવટે બગડે, એહ ઉખાણો હોયે. સ૦ ૮
પાપથી પેદા કરેલ જે પૈસો, અભીમાને ખરચાયે;
નામને કારણુ જ્યાં ત્યાં ભટકે, વળી બહુ કીર્તિ જોયે. સ૦ ૯
રાત્રી જાગ્રણુ પ્રહર શું કરતા, જોતા સંત જનોયેં;
શુકલ ધ્યાન ધ્યાતા તે વેળા, ભાવ કુટુંબ ખડું હોયે. સ૦ ૧૦
અરધા માટે ચાર ધુતારા, વિપ્ર સંતોષી દુતોયે,
મન પર કાબુ કીધો પોતાનો, ભાંગવા ભાવ ભલોયે; સ૦ ૧૧
તો પણુ મન કાબુમાં રાખી, સાધ્યું કાર્ય સંતોયે;
વીરલા હતા તે અડગ રહ્યા પણુ, કાયર નાસતા જોયે. સ૦ ૧૨
હે જીવ રાજ્ય સુત ગૌરવ ધન, તન પણુ તારૂં ન હોયે;
નારી સહોદર અંત સમયમાં, કામ ન આવે કોયે. સ૦ ૧૩
ધન્ય દ્રવ્ય જે શુભ દાનમાં, પર ઉપગારજ તોયે;
દુર્લભ દુખદ સમયમાં વીરલા, હાથમાં હાંસલ હોયે. સ૦ ૧૪

લેખક,
મેતા દુર્લભજી ગુલાબચંદ;
શ્રી વૃ. જૈ. જ્ઞા. પ્ર. સભાના સેક્રેટરી વળા.

---

# આત્મજ્ઞાનનો સરલ-શુદ્ધમાર્ગ.

## ( આત્મબોધ )

(ગતાંક પૃષ્ટ ૮૧ થી શરૂ.)

**સમ્યકત્ત્વના બે પ્રકાર.**

પુદ્ગલિક અને અપુદ્ગલિક એમ પણુ સમ્યકત્ત્વના બે ભેદ પડે છે. જેમાં મિથ્યા સ્વભાવ ગયો હોય અને સમ્યકત્ત્વના પુંજમાં રહેલા પુદ્ગલોના વેદવા રૂપ ક્ષપોપશમ પ્રાપ્ત થાય, તે પુદ્ગલિક સમ્યકત્ત્વ કહેવાય છે. સર્વથા મિથ્યાત્વ, મિશ્ર સમ્યકત્ત્વ પુંજના પુદ્ગલોનો ક્ષય થવાથી તથા ઉપશમથી ઉત્પન્ન થયેલ જે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃકેવલ જીવ પરિણામરૂપ ક્ષાયિક તથા ઉપશમ સમ્યકત્વ તે અપુદ્ગલિક સમ્યકત્વ કહેવાય છે. અર્થાત્ પુદ્ગલોનું વેદન સ્વરૂપ તે પુદ્ગલિક સમ્યકત્વ અને ક્ષયોપશમ કરવાથી જે જીવના પરિણામ તે અપુદ્ગલિક સમ્યકત્વ એમ સમજવું.

**બીજી રીતે બે પ્રકાર.**

વલી નિસર્ગ અને અધિગમ એમ બે પ્રકારે પણ સમ્યકત્વ કહેવાય છે. તીર્થંકર તથા ગણધર વગેરેના ઉપદેશ સિવાય સ્વાભાવિક કર્મના ઉપશમ ક્ષયપણાથી જે સમ્યકત્વ પ્રગટ થાય, તે નિસર્ગસમ્યકત્વ કહેવાય છે. શ્રી તીર્થંકર ગણધર વગેરેના ઉપદેશથી તથા જિન પ્રતિમા દેખવાથી અને બીજા શુભ બાહ્ય નિમિત્તના આધારથી કર્મનો ઉપશમ-ક્ષય થતાં જે સમ્યકત્વ થાય તે અધિગમ સમ્યકત્વ કહેવાય છે.

**તે વિષે માર્ગ તથા જ્વરનું દૃષ્ટાંત.**

એક વટેમાર્ગુ માર્ગથી ભ્રષ્ટ થયો હોય, તે કોઇના બતાવ્યા શિવાય ભમતો ભમતો પોતે તેજ ખરે માર્ગે જેમ આવી જાય છે, તેવી રીતે નિસર્ગસમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. કોઈ વટેમાર્ગુ માર્ગથી ભ્રષ્ટ થતાં કોઇના બતાવવાથી ખરે માર્ગે આવે તેવી રીતે અધિગમ સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. જેમ કોઇ માણસને જ્વર આવ્યો હોય તે પરિપકવ સ્થિતિ થતાં ઔષધના ઉપચાર વિના સ્વાભાવિક રીતે ઉતરી જાય છે તેવી રીતે નિસર્ગ સમ્યકત્વ સમજવું અને જેમ કોઇનો જ્વર ઔષધના ઉપચારથી ઉતરી જાય છે, તે અધિગમ સમ્યકત્વ જાણવું. એવી રીતે પ્રાણીને મિથ્યાત્વ રૂપ જ્વરના જવાથી સમ્યકત્વ માર્ગની પ્રાપ્તિ થાય છે અને તે નિસર્ગ અધિગમ રૂપ થાય છે.

**સમ્યકત્વના ત્રણ પ્રકાર.**

કારક, રોચક અને દીપક એમ સમ્યકત્વ ત્રણ પ્રકારનું છે. જે જીવોને સમ્યક્ પ્રકારના અનુષ્ઠાનની ક્રિયાની પ્રવૃત્તિ કરાવે તે કારકસમ્યકત્વ કહેવાય છે. એટલે તે સમ્યકત્વમાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મળતારૂપ સમ્યકત્વ પ્રગટ થતાં જીવ સૂત્રમાં કહેવા પ્રમાણે ક્રિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, તેથી તે કારક સમ્યકત્વ કહેવાય છે. એ કારક સમ્યકત્વ વિશેષ નિર્મળ ચારિત્રવાળાનેજ પ્રાપ્ત થાય છે. માત્ર શ્રદ્ધાન એ રોચક સમ્યકત્વ કહેવાય છે. એ સમ્યકત્વમાં જીવને સમ્યક્ અનુષ્ઠાનની પ્રવૃત્તિ રૂચે છે, પણ તે કરી શકતો નથી. આ સમ્યકત્વ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ એવા કૃષ્ણ અને શ્રેણિક વગેરેને થયું હતું. જે જીવ પોતે મિથ્યાદૃષ્ટિ અથવા અભવ્ય એવા અંગારમર્દક આચાર્યની જેમ ધર્મકથા વડે જિનેશ્વરના કહેલ જીવ-અજીવાદિ પદાર્થોને યથાર્થ રીતે પરને પ્રકાશે-દીપાવે તેથી તે દીપક સમ્યકત્વ કહેવાય છે. દીપક જેમ બીજાના અંધકારને દૂર કરે છે અને પોતાને પ્રકાશ કરતો નથી તેમ દીપક સમ્યકત્વથી બીજાને ગુણ થાય છે અને પોતાને ગુણ થતો નથી, તેથી તે દીપક સમ્યકત્વ કહેવાય છે.

અહીં કોઇ પ્રશ્ન કરે કે જે જીવ પોતે મિથ્યાદૃષ્ટિ છે, તો પછી તેને સમ્યકત્વ શબ્દ શી રીતે ઘટે ? એ વચનનો વિરોધ આવે છે.

તેનો ઉત્તર એ છે કે, એમ કહેવું નહીં. તે જીવને મિથ્યાદૃષ્ટિપણું છતાં પણ તેનામાં જે પરિણામ વિશેષ છે, તે નિશ્ચે પ્રાણીને ધર્મ પમાડવાનો હેતુરૂપ થાય છે એટલે સમ્યકત્વનું કારણભૂત થાય છે, તેથી જેમ ઘીમાં આયુષ્યનો ઉપચાર કરવામાં દોષ નથી તેમ કારણને વિષે કાર્યનો ઉપચાર કરવાથી તે સમ્યકત્વ કહેવાય છે.

ઔપશમિક, ક્ષાયિક અને ક્ષયોપશમિક એમ સમ્યકત્વના બીજી રીતે ત્રણ પ્રકાર પણ થાય છે.

**ત્રણ ભેદો.**

ઉપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમિક અને સાસ્વાદન-એવા સમ્યકત્વના સમ્યકત્વના ચાર ભેદ છે.

**ચાર ભેદો.**

ઉપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમિક, સાસ્વાદન અને વેદક-એમ સમ્યકત્વના સમ્યકત્વના પાંચ પ્રકાર પણ થાય છે.

**પાંચ પ્રકારો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ઉપશમિક—ઉદીરણા કરેલા મિથ્યાત્વને અનુભવથી ક્ષય કરતાં અને નહીં ઉદીરણા કરેલા મિથ્યાત્વને પરિણામની નિર્મળતા વિશેષે કરી સર્વપ્રકારે ઉપશમાવતાં—દબાવી દેતાં એટલે ઉદયમાં ન આવવા દેવારૂપ કરતાં જે ચૈતન્યનો ગુણ પ્રગટ થાય છે, તે ઉપશમિક સમ્યકત્વ કહેવાય છે.

આ સમ્યકત્વ અનાદિ મિથ્યાદષ્ટિને, ગ્રંથિભેદ કરનારને, અને ઉપશમ શ્રેણીના પ્રારંભના કરનારને થાય છે.

૨ ક્ષાયિક—અનંતાનુબંધી કષાયની ચોકડીનો ક્ષય થયા પછી અનંતર મિથ્યાત્વ. મિશ્ર સમ્યકત્વરૂપ ત્રણ પુંજરૂપ દર્શનમોહનીય કર્મનો સર્વથા ક્ષય થતાં આત્માને જે ગુણ ઉત્પન્ન થાય, તે ક્ષાયિક સમ્યકત્વ કહેવાય છે. આ સમ્યકત્વ ક્ષપકશ્રેણી અંગીકાર કરનારને હોય છે. " ક્ષપક શ્રેણી અંગીકાર કરનાર પુરૂષ આઠ વર્ષથી ઉપરાંત વયવાળો, વજ્રઋષભનારાચ સંઘયણવાળો, અને ધ્યાનને વિષે ચિત્ત આપનારો હોય છે, તે પુરૂષ અવિરતિ હોય, દેશ વિરતિ હોય અથવા પ્રમત્ત—છઠા ગુણઠાણાવાલા અથવા અપ્રમત્ત—સાતમા આઠમા ગુણઠાણાંવાલામાંથી ગમે તે હોય તે ક્ષપકશ્રેણી માંડે છે, " એમ પ્રવચનસારોદ્ધાર ગ્રંથને વિષે કહેલું છે.

૩ ક્ષયોપશમિક—ઉદય આવેલા મિથ્યાત્વને વિપાકના ઉદયે કરી વેદી ક્ષય કરે અને શેષ કે જે સત્તામાં અનુદય આવેલું હોય તેને ઉપશાંત કરે એટલે મિથ્યાત્વ મિશ્ર પુંજને આશ્રીને રોકે અર્થાત્ ઉદયને અટકાવે, અને શુદ્ધ પુંજને આશ્રી મિથ્યાત્વ ભાવને દૂર કરી એટલે ઉદીરણા કરેલ મિથ્યાત્વનો ક્ષય કરવાથી અને નહીં ઉદીરણા કરેલ મિથ્યાત્વનો ઉપશમ કરવાથી આત્માને જે ગુણ ઉત્પન્ન થાય તે ક્ષયોપશમિક સમ્યકત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ શુદ્ધ પુંજ લક્ષણવાલું છે. તે અતિશય નિર્મલ એવા વાદળાની પેઠે છે, તેથી તેમાં યથાવસ્થિત શુદ્ધ તત્ત્વરૂચિનું આચ્છાદન થતું નથી, એટલે તે આચ્છાદન કરનાર ન હોવાથી તે ઉપચારથી સમ્યકત્વ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિં પ્રશ્ન ઉત્પન્ન થાય છે—ઉપશમ સમ્યકત્વ અને ક્ષયોપશમ સમ્યકત્વમાં શો તફાવત છે? કારણકે, તે બંને સમ્યકત્વમાં કાંઇ વિશેષ જોવામાં આવતું નથી. તે બંનેમાં ઉદય આવેલ મિથ્યાત્વનો ક્ષય અને નહીં ઉદય આવેલ મિથ્યાત્વનો ઉપશમ, એ કહેવામાં આવ્યું છે.

તેનો ઉત્તર એ છે કે—તેમાં વિશેષપણું છે.

ક્ષયોપશમ સમ્યકત્વમાં મિથ્યાત્વના વિપાકનો અનુભવ નથી, પણ રક્ષાએ ઢાંકી રાખેલા અગ્નિના ધુમાડાની શ્રેણીની જેમ પ્રદેશનો અનુભવ છે. અને ઉપશમ સમ્યકત્ત્વમાં વિપાક ઉદયથી તથા પ્રદેશ ઉદયથી સર્વથા મિથ્યાત્વનો અનુભવજ નથી, માટે તે બંનેમાં એટલો તફાવત છે.

૪ **સાસ્વાદન**—પ્રથમ કહેલા ઉપશમ સમ્યકત્ત્વથી પડતા એટલે સમ્યકત્ત્વથી પતિત થતાં તે વખતે સમ્યકત્ત્વના આસ્વાદ સ્વરૂપમય થવાય તે સાસ્વાદન સમ્યકત્વ કહેવાય છે. ઉપશમ સમ્યકત્ત્વથી પડતાં છતાં જ્યાંસુધી મિથ્યાત્વ ન પમાય ત્યાંસુધી સાસ્વાદન સમ્યકત્ત્વ હોય છે. તે સાસ્વાદન સમ્યકત્ત્વનો કાલ જઘન્ય એક સમયનો અને ઉત્કૃષ્ટ છ આવળીનો છે.

૫ **વેદક**—જેણે ક્ષપક શ્રેણી અંગીકાર કરેલી છે, એવા પુરૂષને ચાર અનંતાનુબંધી અને મિથ્યાત્વ મિશ્ર પુંજ [બે] ખપાવતાં અને ક્ષાયોપશમિક લક્ષણરૂપ શુદ્ધ પુંજને ખપાવતા, તે શુદ્ધ પુંજના પુદ્ગલનો છેલ્લો પુદ્ગલ ખપાવવાને ઉજમાળ થતાં તે છેલ્લા પુદ્ગલને વેદવા રૂપ જે સમ્યકત્ત્વ તે વેદક સમ્યકત્ત્વ કહેવાય છે. તે સમ્યકત્ત્વ એક સમયનું છે. વેદક સમ્યકત્ત્વ પામ્યા પછી અનંતર સમયેજ ક્ષાયિક સમ્યકત્ત્વ અવશ્ય પ્રગટ થાય છે.

ઉપરના પાંચ સમ્યકત્વનું કાળ માન. "अंत मुहुत्तोवसमो छावलि सासाणवेअगो समओ। साहीयतित्ति सायर खइओ दुगुणो खओवसमो॥१॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપશમ સમ્યકત્વનો કાલ અંતર્મુહૂર્તનો છે, સાસ્વાદન સમ્યક્ત્વનો કાળ છ આવલીનો છે, વેદકનો કાલ એક સમયનો છે, ક્ષાયક સમ્યકત્વનો કાલ તેત્રીશ સાગરોપમથી કાંઈક અધિકનો છે અને ક્ષયોપશમ સમ્યકત્વનો કાલ છાસઠ સાગરોપમથી કાંઈક અધિક એટલે ક્ષયોપશમનો ક્ષાયકના કરતાં બમણો કાલ છે. આ ઉત્કૃષ્ટ કાળ કહેલો છે. ક્ષાયક સમ્યકત્વની સ્થિતિ જે તેત્રીશ સાગરોપમથી અધિક કહેલી છે, તે સર્વાર્થસિદ્ધાદિકની અપેક્ષાએ સંસારને આશ્રીને સમજવી અને સિદ્ધ અવસ્થાની અપેક્ષા એ તો તેની સાદિ અનંત સ્થિતિ જાણવી. જે ક્ષયોપશમની બમણી સ્થિતિ કહી છે, તે વિજયાદિક અનુત્તર વિમાનને વિશે તેત્રીશ સાગરોપમની સ્થિતિમાં બે વાર જવાની અપેક્ષા એ કહી છે. અથવા બારમા દેવલોકને વિષે બાવીશ સાગરોપમની સ્થિતિએ ત્રણવાર જવાની અપેક્ષાએ કહી છે. જે સાધિક—(અધિક સહિત ) એમ કહેવામાં આવ્યું છે, તે મનુષ્યભવના આયુષ્યનો પ્રક્ષેપ કરવાથી જાણવું. આ સર્વ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જઘન્ય સ્થિતિ તો વેદક, ઉપશમ અને સાસ્વાદન–એ ત્રણેની એકજ સમયની સ્થિતિ છે અને ક્ષયોપશમ તથા ક્ષાયક એ છેલ્લા બે સમ્યકત્વની સ્થિતિ જઘન્યપણે અંતર્મુહૂર્તની છે. આઠ સમયથી માંડીને બે ઘડીમાં એક સમય ઓછો તે અંતર્મુહૂર્ત કહેવાય છે. તે અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ છે.

" उक्कोसं सासायणं उवसमियं हुं ति पंचवाराओ ।
**સમ્યકત્વ કેટલી વાર પમાયછે.** वेयग खइगाइक्कसि असंखवारा खउवसमो" ॥१॥

" આ સંસારને વિષે ઉત્કૃષ્ટથી સાસ્વાદન અને ઉપશમિક સમ્કત્વ પાંચ વાર હોય છે. પણ તે પ્રથમ એકવાર ઉપશમ સમ્કત્વ પ્રાપ્ત થાય ત્યારે ચાર વખત ઉપશમ ણીની અપેક્ષાએ હોય છે. પણ વેદક તથા ક્ષાયક સમ્યકત્વ એકજવાર હોય છે. અને ક્ષયોપશમ સમ્યકત્વ અસંખ્યાતિવાર હોય છે, તે પણ બહુ ભવની અપેક્ષાએ સમજવું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કયે ગુણસ્થાનકે કયું સમ્યકત્વ હોય છે.** "बीयगुणे सासाणो तुरियाइसु अठिगारचउचउसु। उवसमखायगवेयगखाओवसमा कमा हुंति" ॥१॥

સાસ્વાદન સમ્યકત્વ બીજે ગુણઠાણે હોય છે. અને ઉપશમ સમ્યકત્વ ચોથા સમ્યક દૃષ્ટિ ગુણઠાણાંથી અગીયારમા ગુણઠાણાં સુધી આઠ ગુણસ્થાનકે એટલે અવિરતિથી લઇને ઉપશાંતમોહ ગુણઠાણાં સુધી ઉપશમ સમ્યકત્વ હોય છે, તથા ચોથા ગુણસ્થાનથી અયોગી ગુણસ્થાનના અંતસુધી અગીયાર ગુણઠાણે ક્ષાયિક સમ્યકત્વ હોય છે. ચોથા ગુણઠાણાથી લઇને અપ્રમત્ત ગુણઠાણાનાં અંત સુધી વેદક સમ્યકત્વ હોય છે. તેજ ચોથા ગુણસ્થાનથી માંડીને અપ્રમત્ત ગુણસ્થાન સુધી એટલે ચાર ગુણસ્થાને ક્ષયોપશમિક સમ્યકત્વ હોય છે,અર્થાત્ સાતમા ગુણઠાણા સુધી તે હોય છે. અને ક્ષપકશ્રેણિ માંડવાવાળાને વેદક થઇને ક્ષાયક થાય છે, અને આઠમે ગુણઠાણેથી શ્રેણિ માંડે છે."

**સમ્યકત્વ કેટલીવાર મુકાય અને કેટલીવાર ગ્રહણ થાય.** પ્રથમ મુકયું પછી ગ્રહણ કર્યું, એવું જે સામાયિક તે ગૃહીત મુકતને આકર્ષા કહેવાય છે. તે સમ્યકત્વ કેટલીવાર ગ્રહણ થાય અને કેટલીવાર મુકાય તે દર્શાવે છે. તે સાથે એક જીવને એક ભવમાં કેટલા સમ્યકત્વ થાય- તે પણ જણાવે છે. ભાવશ્રુત, સમ્યકત્વ અને દેશ-વિરતિ નામના ત્રણ સામાયકવાળાને એક ભવમાં હજાર પૃથકત્વે હોય છે. સર્વ વિરતિવાલાને એક ભવે સો પૃથકત્વ આકર્ષા થાય છે. તે ઉત્કૃષ્ટથી જાણવા અને જઘન્યથીતો એકજ આકર્ષ થાય છે.

સંસારને વિષે રહેલા જીવોને એક ભવમાં કેટલા આકર્ષા એટલે જીવવ્યવહાર રાશિમાં આવ્યા પછી મોક્ષે જાય ત્યાં સુધીમાં કેટલા આકર્ષા થાય તે વાત જણાવતાં કહેવામાં આવે છે કે, અનેક ભવોમાં એક જીવને ત્રણ ભાવ શ્રુતાદિકના અસંખ્યાતા આકર્ષા થાય-છે, એટલે સર્વ ભવની અપેક્ષાએ ત્રણ ભાવ શ્રુતાદિને ઉત્કૃષ્ટા અસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાતા હજાર પૃથકત્વ આકર્ષા થાય છે. તેમાં જે સર્વ વિરતિ છે તેને હજાર પૃથકત્વ ઉત્કૃષ્ટા થાય છે, અને દ્રવ્ય શ્રુતવાળાને અનંતા આકર્ષા થાય છે; કારણકે તેમાં બે ઇંદ્રિય આદિ મિથ્યાત્વીઓની ગણુના છે.

**સમ્યકત્વના દશ પ્રકાર.**

વળી સમ્યકત્વના બીજા પણ દશ પ્રકારો છે. પ્રથમ કહેલ આંતરા રહિત એવા ઉપશમાદિ પાંચ પ્રકારના સમ્યકત્વને નિસર્ગ તથા અધિગમ સાથે ગણુતાં તેના દશ પ્રકાર થાય છે. અથવા શ્રીપન્નવણા વગેરે આગમોને વિષે નિસર્ગ રૂચિ વગેરે ભેદથી દશ પ્રકારના સમ્યકત્વ કહેલા છે તેના નામો આ પ્રમાણે છે.

૧ નિસર્ગરૂચિ, ૨ ઉપદેશરૂચિ, ૩ આજ્ઞારૂચિ. ૪ સૂત્રરૂચિ, ૫ બીજરૂચિ, ૬ અભિગમરૂચિ, ૭ વિસ્તારરૂચિ, ૮ ક્રિયારૂચિ, ૯ સંક્ષેપરૂચિ, ૧૦ ધર્મરૂચિ.

આ દશ પ્રકારના સમ્યકત્ત્વનું હવે વિવેચન કરવામાં આવશે.

અપૂર્ણ.

---

# જૈન દર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન.

## ( ચરણકરણાનુયોગ. )

લેખક,
Success.

( ગતાંક પૃષ્ટ ૮૯ થી શરૂ. )

જૈનદર્શનનું તૃતીય રત્ન જેને 'ચારિત્ર' શબ્દથી ઓળખવામાં આવે છે તે પ્રસ્તુત ચરણકરણાનુયોગ છે. શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક જેને **ज्ञानस्यफलं विरातिः** રૂપે સૂત્રમાં ગુંથે છે, નીતિકારો જેને નૈતિકબળ અથવા વિચારોવડે ઉત્પન્ન થયેલું સદવર્ત્તન તરીકે જાહેર કરે છે, માનસશાસ્ત્રીઓ જેને પુરૂષના હૃદય તરીકે ગણુના કરે છે, શાસ્ત્રોપદેશકો જેને દર્શનમોહનીયના વિનાશથી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયેલું છે, એવા પુરૂષોદ્વારા આલંબનીય માને છે, અને અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાત્મજ્ઞાનીઓ જેને જ્ઞાન દર્શનની રમણતારૂપે સ્થાપન કરે છે તે આ જૈન દર્શનનો ચતુર્થ અનુયોગ છે.

એક મહા પુરૂષ બુદ્ધિ અને હૃદયની સત્તાનું પૃથક્કરણ કરતાં કહે છે કે બુદ્ધિબળ કરતાં હૃદયબળ હજારગણે દરજ્જે ઉચ્ચતા ધરાવે છે. બુદ્ધિબળની સાયુજ્યને પામેલો પણ હૃદય સત્તાથી શૂન્ય પ્રાણી ગાંડા માણસના હાથમાં આપેલી તરવારની પેઠે અવ્યવસ્થિત છે. જેવા વિચાર તેવા આચાર એ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિદ્વારા સમ્યક્ચારિત્રની પરિપાલના કરવારૂપે વાસ્તવિકતા પ્રકટ કરે છે. આ ઉપરથી સ્વતઃ સિદ્ધ થઇ શકે છે કે ચરણકરણાનુયોગ એ સમ્યક્ચારિત્ર હોઇ અખિલ જૈન દર્શનનું હૃદય છે. હૃદયબળ પ્રાપ્ત કર્યા શિવાય પુરૂષ મહા પુરૂષ થઈ શકતો નથી. દ્રવ્યાનુયોગનું માત્ર અવલંબન કરનારા જનોને ચરણકરણાનુયોગ એ ક્રિયાકાંડ હોઇ શુષ્ક લાગે છે અને કષ્ટસાધ્ય કાર્ય તરીકે ગણી પ્રવૃત્તિમાં પોતાની અશક્તિ જાહેર કરે છે, તેવા શુષ્ક જ્ઞાનીઓએ સમજવું જોઇએ કે આ ચરણસિત્તરી અને કરણસિત્તરી રૂપ જૈન ચારિત્ર એ આત્માની અત્યંત નિર્મળ વિશુદ્ધિ કરનાર છે. દ્રવ્યાનુયોગનું જ્ઞાન એ આત્યંતિક વિશુદ્ધિને સમજાવનાર અનંતર સાધન છે, પરંતુ સાધ્યની પ્રાપ્તિ વગરનું સાધન લક્ષણ હોવા છતાં લક્ષ્યની શૂન્યતાની પેઠે નિરર્થક અને નિષ્ફળ છે. પ્રસ્તુત ચારિત્ર બે પ્રકારનું છે.

૧ દેશવિરતિ. ૨ સર્વવિરતિ.

ગૃહસ્થ દેશવિરતિનો અધિકારી છે અને નિરારંભી મુનિઓ સર્વવિરતિના અધિકારીઓ છે. દેશવિરતિધર શ્રાવકોને બાર વ્રત ગ્રહણ કરવાના હોય છે. સ્થૂલપ્રાણાતિપાત–મૃષાવાદ–અદત્તાદાન–પરસ્રીગમન વિરમણ, પરિગ્રહ–દિગ્ પરિમાણ, ભોગોપભોગ–અનર્થ દંડ વિરમણ, સામાયિક, પોષધ અને અતિથિ સંવિભાગ.

વીશવિશ્વાદયાનું પાલન સાધુઓને માટે ગણતાં ગૃહસ્થના અધિકારમાં સવાવિશ્વા દયા આવી શકે છે. તે દયાનું પાલન કે જે વડે નિરપરાધિ સ્થૂલ પ્રાણીઓ જે નિરપેક્ષવૃત્તિએ સંકલ્પથી હિંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં કરૂં એવું વ્રત લેવાથી થઈ શકે છે. હિંસા પણ બે પ્રકારની છે. દ્રવ્ય અને ભાવ. રાગ દ્વેષના પરિણામ વડે ભાવહિંસા અને તજ્જન્ય પ્રાણિવધાદિ વડે દ્રવ્ય હિંસા ગણાય છે. તેના હેતુ સ્વરૂપ અનુબંધાદિ અનેક ભાંગાઓ છે. ત્યાર પછી મન વચન કાયાવડે સ્થૂલતાથી જૂઠું બોલવું નહીં અથવા જૂઠું કાર્ય કરવું નહિં, અદત્ત વસ્તુને ગ્રહણ કરવી નહિં,પરસ્ત્રીગમનથી દૂર રહી સ્વદારા સંતોષ ધારણ કરવો,ધન-ધાન્યાદિ નવવિધ પરિગ્રહનું માપ કરી, સંતોષ વૃત્તિ રાખવી. દિશાઓમાં જવાનો અમુક હદ સુધીનો નિયમ કરવો, અભક્ષ્ય તથા અનંતકાયાદિ વિગેરેથી તથા અપેય પાનથી અને કર્માદાન વ્યાપારથી દૂર રહેવું, વિકથાઓ વગેરેથી થતા અનર્થ દંડથી વિરમવું, સામાયિક, પોષધ અને અતિથિ સંવિભાગ સાધર્મિવાત્સલ્ય વગેરે શુભ અનુષ્ઠાનોમાં આદર કરવો આ સર્વ બાર વ્રતો અનુક્રમે ગૃહસ્થને યોગ્ય છે. આ બાર વ્રતોનો વિસ્તાર ઘણોજ છે. દરેક વ્રતને માટે ભંગાભંગરૂપ અતિચારો છે, જે દર્શાવતાં વિષય વિસ્તૃત થાય તેમ છે. સાધુજનોની ગણનાના મુકાબલામાં ગૃહસ્થનો અધિકાર ઘણો અલ્પ હોવાથી તેને પંડિતજનોએ મલિનારંભી' કહેલા છે. સાધુજનો કે જેમણે આરંભ માત્રને ત્યજી દીધેલા છે તેઓ ' નિરારંભી ' તરીકે મશહૂર થયેલા છે.

સાધુજનોને અધિકારરૂપે પરિપાલનને માટે ચરણસિત્તરી અને કરણસિત્તરી નીચેની ગાથાઓ વડે પ્રદર્શિત થયેલા છે.

वयसमणधम्मसंजम वेयावच्चंच बंभगुत्तिउ ।
नाणाइतियं तवकोह निग्गहाइ चरणमेयं ॥ १ ॥
पिंडविसोही समिइ भावणपडिमाय इंदियनिरोहो ।
पडिलेहणगुत्तिउ अभिग्गहंचेवकहणंतु ॥ २ ॥

૫ મહાવ્રત ૧૦ શ્રમણધર્મ ૧૭ સંયમપ્રકાર, ૧૦ વૈયાવચ્ચ ૯ બ્રહ્મચર્ય, જ્ઞાનાદિત્રિક, ૧૨ તપ અને ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ

તથા, ૪ પિંડવિશુદ્ધિ પસમિતિ ૧૨ ભાવના ૧૨ પડિમા ૫ ઈંદ્રિયનિરોધ, ૨૫ પ્રતિલેખના ૩ ગુપ્તિ ૪ અભિગ્રહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે અનુક્રમે સીતેર સીતેર પ્રકારો છે.

આ સર્વેનો વિસ્તાર અસંખ્ય પ્રકારે શાસ્ત્રોમાં વર્ણન કરાયલો છે. લોકાકાશના પ્રદેશની સંખ્યા જેટલા પ્રમાણુમાં છે તેટલા પ્રમાણુમાં ચરણુકરણાનુયોગરૂપ સંયમના સ્થાનકો છે. આત્માના અધ્યવસાયને આશ્રીને તરતમતાએ આ અસંખ્ય ભેદો હોઈ શકે છે.

એક જૈન ગૃહસ્થ જો તે પોતાના અધિકારને આશ્રીને ગૃહણ કરેલા દ્વાદશ વ્રતનું પાલન કરતો હોય છે તે દુરાચરણથી ભય પામતો હોવાને લીધે તેમજ સદાચારમાં ક્ષણમાત્ર પણ અપ્રમાદી હોવાને અંગે તે કદી કોર્ટના ગુનાહમાં આવી શકતો નથી તો પંચમહાવ્રતને ધારણ કરનાર સદ્દગુરૂઓની તો તેવી સ્થિતિ કયાંથી હોય? જૈન દર્શનના ચારિત્રનું બંધારણ એવું સુદ્દઢ અને બળવત્તર છે કે ચિરસંસ્કારી પ્રાણીઓજ તેમાં રહી શકે. સાધુજનોને પ્રાણાતિપાતાદિ પંચ અવ્રતોથી સર્વ પ્રકારે વિરમવાનું છે. વ્રત લીધા વગર અજ્ઞાતપણે પાપમાર્ગોથી વિરામપામનારા પ્રાણીઓને તે તે પ્રકારના પાપમાર્ગો ખુલ્લા દ્વારવાળા હોવાથી કર્મ પ્રવાહના વહો આવતા અટકી શકતા નથી. તેથી શ્રીમદ્ યશોવિજયજીએ કહ્યું છે કે.—

અવિરતિ લગે' એકેંદ્રિયારે પાપસ્થાન અઢાર,
લાગે પાંચેહી ક્રિયારે પંચમ અંગ વિચારોરે. (૧)

અર્થ—ભગવતી સૂત્રમાં કહ્યું છે કે એકેંદ્રિયો અવિરતિ હોવાથી તેમને પાંચ ક્રિયાઓ અને અઢાર પાપસ્થાનકોથી ઉત્પન્ન થતો ક્ષણે ક્ષણે કર્મબંધ પડે છે.

સાધુ જીવન ઘણુંજ કઠીન છે. તલવારની ધાર ઉપર નાચતા બાજીગરો તથા લોઢાના ચણાને ચાવીજનાર અવધૂતોના કરતાં સાધુજીવનની કઠિનતા દુર્ભેદ્ય છે. આત્મબળના સામર્થ્યવડે કર્મબળને તોડી પાડવાની શક્તિવાળા પ્રાણીઓ યથાર્થ ચરણકરણની સાધના કરી મુક્તિ પામી શકે છે. ચારિત્રની પરિપાલનાવડે આત્મા કર્મનો આશ્રવ દૂર કરી સંવરપણું પ્રાપ્ત કરે છે. સંવરપણું પ્રાપ્ત થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવા કર્મનું આગમન રોકાઈજવાથી પૂર્વકર્મની નિર્જરા ( દેશથકી ક્ષય ) થતાં સર્વ કર્મની નિર્જરા થવાનો સંભવ છે.

ચરણ ક્રિયાને પાલન કરતા સાધુ જનોને દશ પ્રકારે યતિધર્મ સેવન કરવો પડે છે તે નીચે પ્રમાણે છે. ક્ષાંતિ, આર્જવ,માર્દવ,સંતોષ તપ, ઇન્દ્રિય સંયમ,સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય; આમાં પ્રથમ ચાર ક્રોધ, માયા, માન અને લોભની નિવૃત્તિથી ઉત્પન્ન થયેલા ગુણો છે. ચાર કષાયોનું સ્વરૂપ દ્રવ્યાનુયોગના વિષયમાં ઠીક રીતે આવી ગયેલું છે. ત્યાર પછી તપ બે પ્રકારે છે. બાહ્ય અને આભ્યંતર. અનશન, ઊનોદરી વ્રત, આજીવિકા સંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા આ બાહ્ય તપ છે અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય અને ધ્યાન એ અંતરંગ તપ છે. નમુક્કારસહિથી માંડીને ઉપવાસ પર્યંત વ્રત લઇ જેટલે જેટલે અંશે આહાર ન કરવો તે અનશન. આ અનશન અને ઔનોદર્ય વિગેરે ઇંદ્રિય સંયમ રૂપ યતિધર્મને પાલન કરાવવાનું પ્રબળ સાધન છે. બાહ્ય તપવડે ઇંદ્રિય રૂપ ઘોડાનો વિકારવેગ કુંઠિત થઇ જાય છે. પૌદ્ગલિક ભોગના ખાવા પીવાના તથા ભોગવવાના આત્માના અનાદિબદ્ધ સંસ્કારોને તોડી પાડવાને પ્રબળ કુહાડા સમાન જો કોઈ પણ હોય તો તે અનશનાદિ બાહ્ય તપ છે.

સ્મૃતિભંગથી પાપાચરણ થયેલું હોય તેનો દંડ ગુરૂજન અથવા વડીલદ્વારા વહોરી લેવો તે પ્રાયશ્ચિત્ત, પૂજ્યપ્રતિ ભક્તિભાવનું દર્શન તે વિનય, ગ્લાન પ્રાણીઓની સારવાર કરવી તે વૈયાવચ્ચ, અને જ્ઞાનનું શ્રવણ મનન અને નિદિધ્યાસન એ સ્વાધ્યાય; આર્ત અને રૌદ્રધ્યાનથી રહિત થઇ ધર્મધ્યાન તથા શુકલધ્યાનમાં રમણતા કરવી તે ધ્યાન તપ કહેવાય છે. ધ્યાનના ચાર પ્રકારો આ રીતે છે.

આર્તધ્યાન, રૌદ્રધ્યાન ધર્મધ્યાન, શુકલધ્યાન.

આર્તધ્યાનનાચાર પ્રકાર(૧) ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગ ચિંતા અને અગ્રશોચ. (ભાવિભવમાં મને અમુક ઇષ્ટ વસ્તુ મળો એવું નિયાણું કરવું તે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૌદ્રધ્યાનના ચાર પ્રકાર (૧) હિંસાનુંબંધિ, (૨) મૃષાનુંબંધિ, (૩) સ્તેયાનુબંધિ અને (૪) સંરક્ષણાનુબંધિ ( માલમીલકત સ્ત્રી પુત્રાદિના રક્ષણ સંબંધિ )

ધર્મધ્યાન ચાર પ્રકારે (૧) આજ્ઞાવિચય ( જીનાજ્ઞાના સ્વરૂપનું ચિંતવન ), (૨) અપાયવિચય ( કર્મોવડે પ્રાણીઓને થતી પીડાનું ચિંતવન ), (૩) વિપાક વિચય (સુખ દુઃખાદિને કર્મફળ જાણી શોક નહીં કરવા સંબંધી વિચારણા ), અને (૪) સંસ્થાનવિચય ( ચૌદ રાજલોકના સ્વરૂપનું મનન ).

શુકલ ધ્યાન ચાર પ્રકારે (૧) પૃથકત્વ વિતર્ક સવિચાર (૨) એકત્વ પૃથકત્વ અવિચાર, (૩) સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ (૪) વ્યુત્સન્ન ક્રિયા અનિવૃત્તિ. પહેલા બે ભેદ ઉચ્ચ ભૂમિકા ઉપર ચડતા પ્રાણીને આઠમા ગુણસ્થાનકથી શરૂ થાય છે. તેમાં જગત્‌માં રહેલા પદાર્થોના ગુણ પર્યાયોનું ચિંતવન છે. બારમે ગુણસ્થાને પ્રસ્તુત ધ્યાનનો બીજો ભેદ પૂર્ણ થાય છે. તે પૂર્ણ થયા પછી ધ્યાતા વિશ્રાંતિ પામે છે. ત્યાર પછી તુરતજ અખિલ પ્રાણી પદાર્થોને હસ્તામલકવત્ જણાવનાર કેવળજ્ઞાન થાય છે. અહીંથી ત્રીજો પ્રકાર શરૂ થાય છે. અને આયુષ્ય મર્યાદા પુર્ણ થવાની તૈયારીમાં સૂક્ષ્મ મન વચન અને કાયવ્યાપારનો રોધ કરતી વેળાએ ત્રીજો પ્રકાર પૂર્ણ થઇ ચતુર્થ પ્રકાર શરૂ થાય છે; પૂર્ણ કર્યા પછી अइउऋऌ પંચહ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલા સમયમાં નિર્વાણપદ પામે છે.

આ ધ્યાન ચરમકેવલી થયા પછી સાથે જ વિચ્છેદ ગયેલું છે. આ ધ્યાનના વજ્રઋષભનારાચ સંઘયણવાળા માત્ર અધિકારીઓ છે. કહ્યું છે કે—

इदमादिम संहनना एवालं पूर्ववेदिनः कर्तुं ।
स्थिरतां नयाति चित्तं कथमपि यत्स्वल्पसत्त्वानां ॥

પ્રાકૃત પ્રાણીઓનું ચિત્ત આ ધ્યાનને માટે લાયક નથી, કેમકે ચિત્ત સ્થૈર્ય તેમને હોતું નથી માટે પ્રથમ સંઘયણવાળા પૂર્વધરો વિગેરે ધ્યાનાધિકારીઓ હોઇ શકે છે. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત ઈર્યાદિ પાંચ સમિતિઓ, મન આદિ ત્રણ ગુપ્તિઓ, ક્ષુધા આદિ બાવીશ પરિસહ, અનિત્યાદિ બાર ભાવના, સામાયિકાદિ પાંચ ચારિત્રો, મૈત્રી આદિ ચાર મહાભાવનાઓમાં સાધુજનોને નિરંતર રમણ કરવાનું છે. ચારિત્રના આ સર્વ અંગોનો વિસ્તાર શાસ્ત્રોમાં ઘણો જ છે, ચારિત્રની વ્યાખ્યા કરતાં કહેવામાં આવે છે કે—

पंच महाव्रतमूलं समिति प्रसरं नितांत मनवद्यम् ।
गुप्तिफल्ल त्रारनम्रं सन्मतिना कीर्तितं वृत्तं ॥

"ચારિત્ર રૂપ વૃક્ષની જડ પાંચ મહાવ્રત છે, શાખા પાંચ સમિતિ છે અને ફળ ત્રણ ગુપ્તિ છે." ચરણકરણાનુયોગની આ ક્રિયાઓના સંસ્કાર દઢ થવાથી મનોબલ ઘણુંજ ઉચ્ચ અને વિશાળ પ્રદેશાવગાહી બને છે. સંયમની આ સર્વ શુભ ક્રિયાઓ વડે આત્મારૂપ પાત્ર ઘણુંજ શુદ્ધતર બને છે. આ સર્વ કારણો શુદ્ધ અને ઉત્પાદક શકિતથી ભરપુર હોવાથી જ્ઞાન દર્શનની રમણુતા રૂપ ચારિત્રનો આત્મા અધિકારી બને છે. મુકિત કે જેને અનેક દર્શનોએ જુદા જુદા કારણો માનીને કાર્યરૂપે એક માનેલી છે, તે જૈન દર્શનની અપેક્ષાએ અનંતકાળ આત્માની જ્ઞાન દર્શનમાં રમણુતા અને આત્માના સંસારીપણુાના આત્યંતિક ક્ષય રૂપે છે. આ મુકિતનું વાસ્તવિક સ્વરૂપ છે. શાસ્ત્રકાર તેથી જ કહે છે કે—

अयमात्मैवसंसारः कषायेंद्रियनिर्जितः ।
तमेवतद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥

"કષાય અને ઇંદ્રિયથી જીતાયલો આત્મા તેજ સંસાર છે અને તેમને તે જીતે ત્યારે પંડિતો તેને મોક્ષ કહે છે"

અત્ર એક પ્રશ્ન ઉત્પન્ન થયેલો છે કે સિદ્ધના જીવોને, આ સંસારમાં સુંદર સ્ત્રીઓ સાથે રમણુ કરવાથી ઉત્પન્ન થતો આનંદ તેમજ સ્વાદિષ્ટ અને ઉત્તમ ભોજનો આરોગવાથી ઉદ્ભવતો આનંદ નથી જ. તો મુકિતનિવાસ કરતાં અત્ર સુખ લાગે છે, ત્યાં ભોગવટા વગરની શૂન્ય અવસ્થા છે. પરંતુ પુદ્ગલાનંદી પ્રાણીઓનો આ અજ્ઞાન મૂલક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન છે, એમ કહેવા સાથે સમાધાન કરવામાં આવે છે કે એક પ્રાણી કટોરામાં રહેલો દુધપાક ગળાં સુધી ખાય છે; હવે શું તે વધારે ખાવાની ઇચ્છા કરે તો ખાઇ શકે ખરો કે? સ્ત્રી સંયોગના સુખને અંતે વિષય કેવો કટુક લાગે છે! આ પ્રકારે આ સંસારી પ્રાણીઓને પૂર્વ સંસ્કાર જનિત અનેક પ્રકારે ખરજ ઉત્પન્ન થાય છે અને તેને યોગ્ય વા અયોગ્ય પ્રકારે દૂર કરવાની કોશીશ કરે છે. જે જે પ્રકારની ખરજ ઉદ્દભવે છે તેની શાંતિ પછી તે ખરજને શાંત કરનારી વસ્તુનો વ્યાપાર ઝેર જેવો લાગે છે. શરીર ઉપર ખુજલી થાય છે તે વખતે ખરજ પ્રકટે છે, પછી તે ખરજને શાંત કરવાને ખણવાથી ફોલ્લાઓ ઉપસે છે જેથી તે ખણવાના સુખ કરતાં અનેકગણું દુઃખ ઉત્પન્ન થાય છે; પુદ્દગલિક પદાર્થોથી થતા સુખની આ સ્થિતિ છે. જે સુખને પરિણામે દુઃખ રહેલું છે તેને શાસ્ત્રકાર "સુખજ" કહેતા નથી. સિદ્ધના જીવોને ક્ષુધા તથા વિષયાદિ ખરજની ઉત્પત્તિનું બીજ દગ્ધ થયેલ હોવાથી તે ખરજની શાંતિના ઉપાયો યોજવાની તેમને જરૂર હોતી નથી. તેઓ ખરેખરા સુખમાં રહેલા છે. જ્ઞાનાનંદમાં મગ્ન થઈ એક સમયમાં જગતના ત્રૈકાલિક ભાવોને સામાન્ય વિશેષ ઉપયોગપણે જાણ્યા કરે છે. ઉપાધિ રહિત જીવન હોઇ નિરાબાધપણામાં સ્થિત છે. સમગ્ર વિશ્વમાં કોઇ પણ પદાર્થસંકલના એમનાથી ગુપ્ત નથી. શ્રીકૃષ્ણ ભગવદ્દગીતામાં કહે છે તેથી ઉલટું આ સિદ્ધ જીવોને પુનઃ અવતાર લેવાનો અભાવ સ્થાપિત થયેલો છે. કેમકે શ્રીકૃષ્ણ કહે છે કે—

यदायदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानं अधर्मस्य तदाऽत्मानं सृजाम्यहं ॥

"હે અર્જુન! વૈકુંઠમાં ગયા પછી જ્યારે જ્યારે આર્ય ધર્મની ક્ષતિ જોવાય છે અને અધર્મની વ્યાપકતા દૃષ્ટિગોચર થાય છે ત્યારે હું પુનઃ અવતાર ધારણ કરૂં છું."

પ્રસ્તુત સ્થિતિમાં રાગ અને દ્વેષ રૂપ ભવબીજોનું દહન થયેલું હોવાથી બીજના દહન પછી જેમ વૃક્ષ ઉત્પન્ન થવાની આશા વ્યર્થ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ સિદ્ધ જીવોં સંસાર રૂપ દુઃખાગારમાં પુનઃ પ્રવેશ કરે એ સર્વ પ્રકારે અસંભવિત જ છે. જૈન દર્શનનો ચતુર્થ અનુયોગ કે જે નિર્વાણપદના મુકુટને તૃતીય રત્નરૂપે અલંકૃત કરે છે. તે જ્ઞાન, વિરતિ અને મુક્તિના સાધ્ય સાધન અને ઉપાય ઉપેયના પૂર્વોક્ત સંબંધ સાથે અત્ર પૂર્ણ કરવામાં આવે છે અને શ્રીમદ્ ઉપાધ્યાયજીના વચનોમાં ચારિત્ર શબ્દનો વ્યાકરણ દૃષ્ટિએ પદચ્છેદ કરતાં કહેવામાં આવે છે કે

**ચય જે આઠ કર્મનો સંચય રિકત કરે જે તેહ,**<br>
**ચારિત્ર નામ નિરૂત્તે ભાંખ્યું તે વંદુ ગુણ ગેહ;**<br>
**રે ભવિકા સિદ્ધચક્ર પદ વંદો (૧)**

(અપૂર્ણ)

---

# બાર વ્રતના અંતરગ હેતુઓ.

(ગત અંકના પૃષ્ઠ ૯૪ થી શરૂ.)

ત્રણ ગુણ વ્રત પછી ચાર શિક્ષા વ્રતો આવે છે. તેના નામ આ પ્રમાણે છે–૧ સામાયિક, ૨ દેશાવકાશિક, ૩ પોષધોપવાસ અને ૪ અતિથિ સંવિભાગ.

હવે પ્રથમ સામાયિક શિક્ષાવ્રત કહે છે. **સમ** એટલે મોક્ષના સાધન પ્રત્યે સમાન શક્તિવાળા સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રનો **આય** એટલે લાભ તે **સમાય** કહેવાય છે. અથવા **સમ** એટલે મધ્યસ્થ અર્થાત્ રાગ દ્વેષના મધ્યમાં વર્તનાર તેને સમ્યગ્દર્શનાદિનો આય એટલે લાભ તે **સમાય** કહેવાય છે. અથવા **સામ** એટલે સર્વ જીવોની સાથે મૈત્રી ભાવ, તેનો આય એટલે લાભ તે **સામાય** કહેવાય. તે પછી સર્વને સ્વાર્થમાં ઇક પ્રત્યય લાગવાથી **સામાયિક** એવું રૂપ સિદ્ધ થાય છે. એટલે સાવદ્યયોગનો ત્યાગ અને નિરવદ્યયોગનું આચરણ કરવા રૂપ જીવનો પરિણામ તે સામાયિક કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવું સામાયિક ઓછામાં ઓછી બે ઘડી પર્યંત લઇ, તેટલો કાળ એકાંતમાં બેશી, એકાગ્ર ચિત્તથી રાગદ્વેષ છોડી સર્વજ્ઞ પ્રભુના ગુણોનું ચિંતવન–સ્મરણ કરી ધર્મ પુસ્તક વાંચવા અને ધ્યાન કરવું, તે **સામાયિક** કહેવાય છે.

પોતાને જે કાંઇ દુષ્કૃત્ય થઇ ગયું હોય અથવા કોઇને કડવા શબ્દો કહ્યા હોય, અથવા મનમાં બુરૂં ચિંતવન કર્યું અથવા શ્રાવક ધર્મને અનુચિત જે ક્રિયા થઇ હોય તો તેને સ્મરણ કરી ઊચ્ચારણ પૂર્વક તેના બદલામાં પશ્ચાતાપ કરવાની જે ક્રિયા કરવી તેને **પ્રતિક્રમણ** કહેવામાં આવે છે અને તે પાંચ પ્રકારે છે. આ સામાયિક તેનોજ ભાગ છે. એટલે કે તેના જે ષડ્ આવશ્યક કહેલા છે તેમાં પેલો આવશ્યક છે. સામાયિકથી અંતરંગ શુદ્ધ થાય છે. આ પણ એક પાપનું નિવારણ કરવાનું ઉચ્ચ સાધન છે. તેથી તે પ્રથમ તેમજ ચઉવિસથ્થો, વાંદણા, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ, એ પ્રતિક્રમણ ક્રિયાના છ વિભાગ છે, તેને **ષડાવશ્યક** ક્રિયા પણ કહેવામાં આવે છે.

આ સામાયિક વ્રતના પાંચ અતિચાર–દોષ છે. ૩ મન, વચન અને કાયાના યોગનું પાપમાર્ગે પ્રવર્ત્તાવવું, ૪ સામાયિકમાં આદર ન થવો અને ૫ સ્મૃતિ–સ્મરણનો નાશ આ પાંચ અતિચારને ટાળવાથી સામાયિક શિક્ષાવ્રત નિર્મલ રીતે પળે છે.

પ્રાચીન મહાત્માઓએ આ ક્રિયાનો અંતરંગ હેતુ ઘણોજ ઉચ્ચ પ્રકારે રાખ્યો છે. જઘન્ય બે ઘડી સુધી મન વચન અને કાયાની એકાગ્રતા રાખવાની સૂચના છે. તે સાથે ખરી સમતા રાખવાની પણ એ ક્રિયા છે. આ ક્રિયા એક સમાધિરૂપ છે અને તેની અંદર મન વચન અને કાયાના વિક્ષેપોને દૂર રાખવાનું દર્શાવેલ છે. સામાયિકની બે ઘડી સુધી તો બીજી કોઇ પણ ક્રિયામાં ચિત્ત ન પરોવતાં તેમાંજ તન્મયતા લગાવવાની છે. વળી તે ક્રિયા ઉપયોગ સહિત કરવાની છે. સામાયિક ક્રિયા ષડાવશ્યકનો પાયો છે અને તેનાથીજ બીજી ક્રિયાઓ સાધ્ય થાય છે. જો સામાયિક ક્રિયા દોષવાળી બને છે તો પછી બીજી ક્રિયાઓની સફલતા થવી અસંભવિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ સામાયિક ક્રિયા કરનાર મનુષ્ય ધાર્મિક અને વ્યવહારિક ઉભય કાર્યોને નિર્દોષ રીતે કરી શકે છે. અહર્નિશ સાંસારિક કાર્યોમાં મચ્યા રહેનારાં માણસને સામાયિકનો સમય પરમ શાંતિને આપનારો છે, તે સાથે જો માણસ પોતાના અભ્યાસની વૃદ્ધિની ઇચ્છા રાખતો હોય તો તે તેની ઇચ્છા સામાયિક દ્વારા ઘણે ભાગે સિદ્ધ થઇ શકે છે. આવા અનેક ઉત્તમ અંતરંગ હેતુઓને ધારી પ્રાચીન મહાત્માઓએ શિક્ષાવ્રતમાં સામાયિકની ગણના કરેલી છે.

ધર્મનું રહસ્ય નહિં સમજનારા કેટલાકો એમ કહે છે કે મનનું દુઃપ્રણિધાન છોડી શકાય તેવું નથી કારણ કે મનનું સ્થિરપણું રહેતું નથી, જેથી સામાયકમાં સાવદ્યના જે પચ્ચખાણ કર્યાં છે તેનો ભંગ થતાં સામાયકનો અભાવ છે અથવા સામાયકના ભંગથી પ્રાયશ્ચિત કરવાનું પ્રાપ્ત થાય છે, તેથી સામાયિક લેવું તે કરતાં ન લેવું વધારે સારૂં છે; આવું માનનારા કે બોલનારા ખરેખરૂં રહસ્ય સમજતા નથી, તેમજ તે ન્યાય યુકત નથી. શાસ્ત્રમાં જણાવેલું છે કે મનની દુઃપ્રણિધાનની શુદ્ધિ માત્ર મિથ્યાદુષ્કૃત આપવાથી પણ થઇ જાય છે, તેમજ તે તો અભ્યાસે કરી મનને વશ કરી સામાયિક કરવું તે અતિ શ્રેષ્ઠ છે એમ જણાવે છે. વળી અતિચાર સહિત અનુષ્ઠાન કરવાથી પણ અભ્યાસવડે કાળેકરીને અતિચાર રહિત અનુષ્ઠાન થાય છે. જેને માટે આચાર્યો એમ કહે છે કે ઘણાં જન્મથી ચાલ્યો આવતો અભ્યાસ પ્રાયે કરી શુદ્ધ થાય છે. તેથી એવો અભ્યાસ કરવોકે જેથી મન વશ થવાથી નિરતિચાર સામાયિકની શુદ્ધિ થાય. આવી રીતે ધર્મની દરેક ક્રિયાઓને માટે સમજવાનું છે.

હવે બીજું દેશ એટલે વિભાગમાં ગ્રહણ કરેલ જે દિગ્‌વ્રત, તેની અંદર સો યોજન વિગેરેનું પરિમાણ કરવારૂપ અવકાશ તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. એ વ્રતમાં પ્રતિદિન પચ્ચખાણ કરવા કે 'આજ મારે આટલા યોજન સુધી જવાય બાકીનું પચ્ચખાણ ' એમ નિયમ લેવામાં આવે છે.ચૌદ નિયમ પણ જેમાં લેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિગ્વ્રતમાં કરેલી મર્યાદા દેશ, નદી, પર્વત, બજાર, ગલી આદિથી સંકોચ કરી વર્ષ, ઋતુ, અયન, માસ, ચાતુર્માસ, પક્ષ, દિવસ, વગેરે કાલથી પણ મર્યાદા કરવી, અર્થાત્ ક્રમે ક્રમે મહા વ્રતોની તરફ વધારવું, તેનું નામ પણ **દેશાવકાશિક** બીજું શિક્ષાવ્રત કહેવાય છે. તેના પાંચ અતિચાર છે-૧ પોતે નિયમ કરલા ક્ષેત્રની બહાર મનુષ્યોને (સેવક વિગેરેને) મોકલવા, શબ્દ કરી (સંભળાવવું) ઈસારો કરવો, ૩ મર્યાદાની બાહેરના ક્ષેત્રમાં કાંઇ મંગાવવું, ૪ પોતાને ( રૂપ ) બતાવી કાંઇ સૂચના કરવી, અને ૫ મર્યાદાની બહાર કાંકરી વગેરે ફેંકી ઇસારો કરવો. આ પાંચ અતિચાર ટાળવાથી દેશાવકાશિકવ્રત નિર્દોષ રીતે પળે છે.

મહોપકારી પૂર્વાચાર્યોએ આ શિક્ષાવ્રતની અંદર ઉચ્ચ પ્રકારની શિક્ષાની યોજના કરેલી છે. અમુક હદની મર્યાદા રાખવી, તે એક પ્રકારની સ્થિરતાની દ્રઢતાને સૂચવે છે. જૈન સમાધિ વિદ્યામાં પણ આસનનો જય કરવાની આવશ્યકતા દર્શાવી છે, જે આસનનો જય કરી શકે છે,તે એક પ્રકારે મનોવૃત્તિનો જેતા બની શકે છે. મનોવૃત્તિનો જય કરવામાં અનેક જાતના બાહ્ય અને અંતર ગુણો રહેલા છે. વળી અમુક પ્રદેશની અવધિમાં રહી અમુક કાર્ય સાધવાનો સંકલ્પ કરી રહેવું, તેમાં કાર્યસિદ્ધિ થઇ શકે છે, તેવા સ્થિરવૃત્તિવાલા મનુષ્યો આત્મિક કાર્યમાં પ્રતિષ્ઠિત થાય છે. મર્યાદાનો નિયમ કરી પછી ચિત્તવૃત્તિને ચંચળ કરવી, એ દ્રઢતાને ભંગ કરવાનો દોષ છે. તેને માટે જે પાંચ અતિચારો બતાવ્યા છે, તે લક્ષમાં રાખવા યોગ્ય છે. ઘણા ચંચળ વૃત્તિવાળા મનુષ્યો કદિ પોતાની જાતે સ્થિરાસન કરી બેસે છે, પણ તેઓ બીજી કોઈ પણ રીતે મનની ચંચળતા બતાવ્યા કરે છે, તેનો ચિતાર પાંચ અતિચારમાં આપવામાં આવ્યો છે. સેવકને બાહેર મોકલવા, જે તે શબ્દ કરી ઈસારા કરવા, અને સૂચનાઓ કરવી, એ ચંચલ વૃત્તિનું સ્વરૂપ છે અને એવી ચંચલવૃત્તિ રાખવાથી મનુષ્ય એકાગ્રતાનો ભંગ કરે છે, પ્રાચીન મહાત્માઓએ સ્થિરાસન કરવાનો મહાન્ લાભ જોઇને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશાવકાશિક વ્રતની યોજના કરેલી છે. અતિચાર રહિત નિર્દોષપણે આ વ્રત પાલવાથી ભવ્ય આત્મા કેવા કેવા પારમાર્થિક કાર્યો સાધી શકે છે, તે વિષે એ વ્રતના યોજક મહાત્માઓએ પરમ લાભ વિલોકયો છે.

જેવી રીતે ધાર્મિક પક્ષે એવા વ્રતનો લાભ રહેલો છે, તેવી રીતે વ્યાવહારિક પક્ષે પણ કેટલાએક લાભ રહેલા છે. જે ચૌદ નિયમને ધારે છે, તે વ્યાવહારિક કાર્યોમાં પણ સારી શકિત ધરાવી શકે છે.

વિશેષમાં જવા આવવાના વ્યાપારથી પ્રાણીનો નાશ ન થાય એવા અભિપ્રાયથી આ વ્રત ગ્રહણ કરાય છે. તે પ્રાણી ઘાત કે જે પોતે કરેલો અથવા બીજા પાસે કરાવેલો તેના ફળમાં કાંઇ વિશેષનથી પણ ઉલટું પોતે ગમન કરતાં ઈર્યાપથની વિશુદ્ધિ કરવાથી ગુણ થાય-છે, અને બીજાને તો અજાણપણાથી ઈર્યાપથની શુદ્ધિ ન થવાથી જીવ ઘ ત થવા રૂપ દોષ પ્રાપ્ત થાય છે.

આવા કેટલાએક અંતરંગ હેતુઓના ઉદ્દેશથી પૂર્વના મહાત્માઓએ દેશાવકાશિક વ્રતની પ્રરૂપણા કરેલી છે જેથી તેમને ઉત્તમ પ્રકારનો ધન્યવાદ ઘટે છે.

ધાર્મિક ક્રિયામાંજે અભ્યાસ પડી જાય છે, તેવા અભ્યાસની છાયા વ્યવહારિક કાર્યોમાં પણ આવે છે. જેથી શુદ્ધ ક્રિયા કરનારા મનુષ્યો ઉભય લોકમાં વિજયી થાય છે

ત્રીજું શિક્ષાવ્રત **પોષધ** નામે છે. પોષ એટલે ગુણની પુષ્ટિ તેને ધ કહેતા ધારણ કરે તે પોષધ કહેવાય છે. અર્થાત્ પ્રત્યેક અષ્ટમી અને ચૌદશ આદિ પર્વ તિથિઓમાં ઉ એટલે સાથે નિવૃત્તિ પામ્યા છે દોષ જેના એવા પુરૂષને આહારના ત્યાગ કરવા વગેરે ગુણોની સાથે નિવાસ કરવો તે **ઉપવાસ** કહેવાય છે તે કરવો; તેમજ ન બની શકે તો એકાસણું કરવું અને દિવસ અથવા દિવસ તથા રાત્રી બંને વખત પોષધ-શાળા કે ઉપાશ્રયમાં બેશી ધર્મ પુસ્તક વાંચવા અને વૈરાગ્યનું ચિંતવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું જ્ઞાન ધ્યાન કરવું, તે પૌષધવ્રત કહેવાય છે. પર્વના દિવસે સોળ પોહેર સુધી ઉપવાસ કરી એક સ્થાને રહેવું, તે ઉત્કૃષ્ટ પૌષધોપવાસ વ્રત કહેવાય છે, તેના પંચ અતિચાર છે. ૧ જોયા વિના તથા ન પ્રમાર્જેલા સ્થાનને વિષે મલમૂત્રાદિ પરઠવવા, ૨ તેવા સ્થાનમાં ધર્મના ઉપકરણ લેવા તથા મુકવા, ૩ જોયા પ્રમાર્જ્યા વિના સંથારો લેવો મુકવો, ૪ પૌષધઉપવાસનો અનાદર કરવો, અને ૫ સ્મૃતિ--સ્મરણનું અનુસંધાન ન રાખવું. એ પાંચ અતિચાર ટાળવાથી પૌષધોપવાસ વ્રત નિર્દોષ રીતે પલે છે.

પ્રાચીન મહાત્માઓએ ચારિત્રના શિક્ષણને માટે આ વ્રતની યોજના કરેલી છે. આ વ્રતથી સાંસારિક ભાવોમાંથી મુકત રહેવાનો અભ્યાસ પડી શકે છે.કાયમનો વિરતિ ધર્મ પાલી શકાય તેમ ન હોય તો તે આ ત્રીજા શિક્ષાવ્રતથી તેટલે અંશે ચરિતાર્થ થઇ શકે છે. ચારિત્ર ધર્મની ભાવનાઓ પણ આ વ્રતથી જ સિદ્ધ થાય છે. પ્રત્યેક પર્વ તિથિએ પૌષધોપવાસ વ્રતની આરાધના કરનારાઓ અનુક્રમે ચારિત્ર ધર્મની ભાવનાઓને વિશેષ પુષ્ટ કરે છે અને પરિણામે વિરતિ ધર્મના આરાધક બને છે. તે સાથે તેમની મનોવૃત્તિમાં વિરકત ભાવ એટલો બધો જામી જાય છે છે કે જેથી સાંસારિક પદાર્થાની મુર્છા તેમના હૃદયને આક્રાંત કરી શકતી નથી.

પ્રાચીન મહાત્માઓએ આવા અંતરંગ હેતુઓને ઉદ્દેશીને આ શિક્ષણીય એવા શિક્ષા વ્રતની યોજના કરેલી છે. માનવ આત્માઓની આત્મિક ઉન્નતિને ઇચ્છનારા આપણાં પ્રાચિન મહાત્માઓનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો થોડોછે. તે વિશ્વોપકારી વંદનીય મહાત્માઓ ને પૂર્ણ ધન્યવાદ ઘટેછે. તેને માટે એક સ્થલે આ પ્રમાણે લખેલું છે કે—

ते वंदनीया आत्मान श्चरितार्था हितैमताः ॥
यै र्विश्वात्मोपकाराय शिवमार्गः प्रदर्शितः ॥

"તે પવિત્ર આત્માઓ વંદનીય અને કૃતાર્થ છે કે જેમણે સમસ્ત પ્રાણીઓના ઉપકારને માટે શિવ–કલ્યાણ નો માર્ગ બતાવેલો છે"૧

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## દમણમાં દેવગુરૂના દર્શનાર્થે આવેલો શ્રાવક સમુદાય અને ત્યાં થયેલાં શુભ કૃત્યો

દમણના દર્શનીય દેવળના દર્શનાર્થે તથા. શ્રીમાન મુનિ મહારાજ શ્રી હંશ વિજયજી સાહેબને વંદન કરવા સુરત અને વડોદરેથી આશરે ૧૦૦) શ્રાવક શ્રાવિકાએનું દમણબંદરમાં આગમન થયું હતું; તેમણે ત્યાં આવી દેવગુરૂનાં દર્શન કરવા ઉપરાંત આંગી પૂજા કરી હતી; તે ઉપરાંત જૈન પારસી મી. માણેકજીનું પણ અહીં આગમન થયું હતું, જૈન પારસીના આગમનથી અત્રેના પારસી વિગેરે અન્ય કોમના લોકો ઉપર સારી અસર પડી હતી તેણે પ્રભુપૂજા પણ ભાવ ભકિત પૂર્વક કરી હતી.

[ કુતરાંઓને મળેલું ]

## અભય.

મહારાજ શ્રી હંસવિજયજી સાહેબના સદ્બોધથી કાર્ત્તકી પુનમ સુધી કુતરાંઓને અભય મળ્યું છે. તે બાબતની કોશિષ કરવાથી અહીંના શ્રાવકોએ મોટું પુણ્ય ઉપાર્જન કર્યું છે. તે બદલ તેઓને ધન્યવાદ આપવામાં આવે છે.

## ( ઝવેરાતથી થયેલી શ્રી સિદ્ધચક્રજીની ) પૂજા.

આસો શુદિ ૧૫ના રોજ શ્રી નવપદજીનું આરાધનપર્વ જેને આંબિલની ઓળી કહેવામાં આવે છે તે સંપૂર્ણ થવાથી અહીં પૂજા ભણાવવામાં આવી હતી, તેજ દિવસે અત્રેના રહીશ શા નવલચંદ ભાઇએ ઓળી પૂર્ણ કરી શ્રી નવપદના મંડળને માણેકને મોતી અને પાના તથા રૂપાનાણાથી પુજા કરી હતી.

( મળેલું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધાચળજીની યાત્રા કરવા આવનાર જૈન બંધુઓને સુચના.

જુનાગઢ શહેરમાં પ્લેગ ચાલતો હોવાથી શ્રી પાલીતાણા સ્ટેટ તરફથી શેઠ આણંદજી કલ્યાણજી તરફ લખવામાં આવ્યું છે કે "કોઇ પણ યાત્રાળુ પોતાના ગામથી જુનાગઢ થઈને પાલીતાણા ન આવે તેવા ખબર બહાર પાડશો; તે ઉપરથી શેઠ આણંદજી કલ્યાણજી તરફથી જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી દરેક યાત્રા કરવા આવનાર જૈન બંધુઓએ પોતાના ગામથી પરબારા પ્રથમ યાત્રા કરવા સિદ્ધાચળજી આવવું અનેપછી બીજે સ્થળે જવું.

વિશેષમાં ભાવનગરની હવા ખરાબ થયાના સમાચાર સાચા નથી. જેથી યાત્રાળુઓએ સિદ્ધાચળજીની યાત્રાનો લાભ લેવા ચુકવું નહી.

## નીચે જણાવેલા પુસ્તકો અમોને ભેટ મળેલા છે, જેથી તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ સં. ૧૯૬૮ ની શાલનું કેલેન્ડર ૧ શ્રી કચ્છી દશા ઓશવાલ બોર્ડીંગના મેનેજર શ્રી મુંબઇવાલા તરફથી.

૨ દિગંબર જૈન પત્રનો નવીન વર્ષનો સચિત્ર ખાસ અંક તે પત્રના સંપાદક તરફથી અમોને ભેટ મળ્યો છે. સદરહુ અંક જોતાં જેમ તેના કાગળો, ટાઇપ અને ચિત્ર વગેરેથી સુંદર બનાવ્યો છે, તેમ તેમાંના કેટલાક લેખો પણ ખાસ વાંચવા જેવા છે. હાલમાં ચાલતી ન્યુસપેપરોની આ જાતની પ્રવૃત્તિ ખાસ આવકારદાયક છે. અમે તેની અભિવૃદ્ધિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only